# ગુનાઓ માણસે નહી પ્રાણીઓએ આચર્યા

ગુનો કરવાની વાત આવે ત્યારે મોટાભાગે માની લેવામાં આવતું હોય છે કે તેનો દોષી માણસ જ હશે પણ અનેક એવી ઘટનાઓ નોંધાઇ છે જેમાં ગુનો કરનાર માણસ નહી પણ જાનવર હોવાનું બહાર આવ્યું છે.

રીંછ ભારતમાં ઓછી સંખ્યામાં જોવા મળે છે પણ પશ્ચિમનાં દેશોમાં તેમનો આતંક વધારે છે જો કે તેમાંય તેમનાં નામે ઘરમાંથી ભોજન ઉઠાવી જવું કે લોકોને આતંકિત કરવા જેવી બાબત સામેલ છે પણ કોલારાડોમાં જે ઘટના બની હતી તે અલગ જ પ્રકારની હતી.ત્યાં એક પરિવાર જ્યારે સવારે પાંચ વાગ્યે જાગ્યો ત્યારે જોયું કે એક રીંછ રાત્રે તેમની કારમાં ઘુસી ગયું હતું ત્યારે ભૂલથી ગિયર પડી ગયું હતું અને કાર ચાલુ થઇ ગઇ અને પાડોશીનાં મેલબોક્સમાં અથડાઇ હતી જો કે સદ્‌ભાગ્યે કોઇને ઇજા થઇ ન હતી.પણ કારનો ભુક્કો થઇ ગયો હતો.પરિવારને આ વાતની જાણ થઇ ત્યારે તેમને આશ્ચર્ય થયું હતું.

રજવાડી સમયમાં કુકડાઓની ફાઇટ થતી હતી આજે તો ભારતમાં તે જોવા મળતી નથી પણ અમેરિકામાં તે જોવા મળે છે જો કે સરકારે તેને ગેરકાયદે જાહેર કરી છે.આમ તો તેનાથી કોઇ નુકસાન થતું નથી પણ એક ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું .૩૫ વર્ષનો જોસ લુઇ એક ગેરકાયદે ફાઇટમાં ગયો હતો જ્યાં કુકડાએ તેના પર હુમલો કર્યો હતો તેના પગમાં છરી બાંધેલી હતી.જોશેને હોસ્પિટલ લઇ જવાયો પણ મોડુ થઇ ગયું હતું તે મોતને ભેટ્યો હતો.

૧૯૭૩ની નવેમ્બરમાં મોજેક્ટ નીમ શરૂ કરાયો હતો જેમાં એક ચિંપાન્ઝી પર પ્રયોગો કર્યા હતા.નીમને તેની માતાથી અલગ કરીને એક પરિવારમાં ઉછેર માટે મોકલ્યો હતો.નીમનો ઉછેર એક માનવબાળ તરીકે કરાયો હતો.તેને સાઇન લેંગ્વેજ શિખવવામાં આવી હતી.જ્યારે એક મહિલા તેની પાસે આવી ત્યારે નીમે તેને બાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો જો કે તેને બાથમાં લઇને તેણે બચકુ ભર્યુ હતું.તે ચીસ પાડી ઉઠી જે જોઇને નીમે તેને આઇ એમ સોરીનો ઇશારો કર્યો હતો.ઓસ્ટ્રેલિયામાં ઇમુનો તમામને પરિચય છે જેને લોકો પાળતા હોય છે એક ઇમુ તેના માલિકનાં તાબામાંથી ભાગી ગયું અને શહેરમાં નિકળી ગયું હતું જ્યારે લોકોની ભીડભાડ હતી.ઇમુને લાગ્યુ કે લોકોને તેને પકડવા માંગે છે ત્યારે તે લોકોનાં ઘરમાં ઘુસી જવા માંગ્યું હતું.જો કે તે ઇમુ આખરે સવારે આઠ વાગે પકડાયું હતું અને તેને તેના માલિકને સોંપવામાં આવ્યું હતું.

અલાસ્કામાં માછીમારી કરવા જતા માછીમારોની હોડીઓ પર ક્યારેક ભોજન માટે સ્પર્મ વ્હેલ હુમલા કરતી હોય છે.વ્હેલ આ માટે બોટનાં અવાજનો ઉપયોગ કરે છે જ્યારે બોટ પાસે આવે ત્યારે તે તેમની નજીક પહોંચી જાય છે અને જ્યારે તક મળે ત્યારે તેમનાં પર હુમલા કરીને ભોજન મેળવી લેતી હોય છે.સ્લોથ મોટાભાગે આળસુ અને તદ્દન શિથિલ હોય છે જે એક રેસ્ટોરન્ટમાં ઘુસી ગયું હતું.જો કે કાઢેનાં સલામતી રક્ષકોને તેની જાણ થઇ હતી તે આમેય સજાગ હતા કારણકે કેટલાક વાંદરાઓ દિવસ દરમિયાન ભોજન માટે ત્યાં ઘુસી ગયા હતા.

ભિલાડીને મોટાભાગે તો નિર્દોષ પ્રાણી માનવામાં આવે છે પણ તે ચોરી કરે તે સહેલાઇથી માની શકાય તેવી બાબત નથી.એક ભિલાડીને તેના માલિકે એવી રીતે ટ્રેઇન કરી હતી કે તે ડોલર ચોરીને લાવતી હતી.કાગડો આમ તો બહુ ચાલાક પક્ષી હોવાનું મનાય છે પણ વાનકુવરમાં કેનુક નામનાં કાગડાએ કાઇમ સીન પરથી ગુનામાં વપરાયેલી છરી ચોરી લીધી હતી.આ ગુનામાં વીસ જેટલા અધિકારીઓ સંડોવાયેલા હોવાનું જણાઇ આવ્યું હતું.

લોવામાં એક વ્યક્તિ તેના બાલ્યુ નામનાં કુતરા સાથે રમતો હતો ત્યારે કુતરાએ તેની પિસ્તોલનો સેફટી લેચ ખોલી નાંખ્યો હતો અને ટ્રીગર દબાવી દીધુ હતું જેનાં કારણે વણ્ડેલી ગોળી તેનાં પગને વીંધી ગઇ હતી.પેલા વ્યક્તિએ જણાવ્યું કે પેલા કુતરાને એ વાતનો ખ્યાલ આવી ગયો હતો કે તેનાથી કંઇક ખોટુ થયું છે તે કારણે તે રડતો હતો. ભારતમાં જે એક ઘટના નોંધાઇ હતી તે પ્રાણીઓ દ્વારા આચરાતા ગુનામાં સૌથી ગંભીર ગણાવી શકાય તેમ છે.ભારતનાં ઘણાં રાજ્યોમાં વાંદરાઓનો ત્રાસ જોવા મળે છે જ્યાં મોટામાગે તે ખાવાનું મેળવવા માટે ઘરમાં ઘુસી જાય છે.જો કે એક વાંદરાએ અહીં એક બાળકનું અપહરણ કર્યુ હતું એટલું જ નહી તેને મોતને ઘાટ પણ ઉતાર્યું હતું.જે બાળકને ઉઠાવી ગયું હતું તેની માતાએ જણાવ્યું કે તે નવજાત શિશુ તેની પાસે સુઇ રહ્યું હતું ત્યારે વાંદરૂ તેને ઉઠાવી ગયું હતું ત્યારબાદ તે બાળકનો મૃતદેહ ઘરની પાછળનાં ભાગે મળી આવ્યો હતો.

# ભયંકર દાંત હોવા છતાં મગર કેમ નથી ચાવતો તેના શિકારને?

પાણીમાં રહેતો સૌથી ખતરનાક શિકારી છે મગર. જલદી તે તેના શિકારને જુએ છે, તે તેને એટલી જ ઝડપથી પકડી લે છે કે મોટાભાગના સમયે તેમાંથી બચવું અશક્ય બની જાય છે. મગરો તેમના તીક્ષ્ણ દાંત વડે શિકારને પકડી લે છે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ પછી તેઓ તેમના દાંતનો ઉપયોગ કરતા નથી. મગર દાંત અને જડબાની મદદથી પોતાના શિકારને ફસાવે છે અને તરત જ નીચે દબાવી દે છે. તે અન્ય દાંતાવાળા પ્રાણીઓની જેમ તેને ચાવતો અને ખાતો નથી. સાંભળવામાં અજીબ લાગે પણ એ વાત સાચી છે કે મગરના દાંત તેને ખાવામાં મદદ કરતા નથી. તેઓ માત્ર તેના જડબાને એટલા મજબૂત બનાવે છે કે પીડિત માટે ત્યાં ફસાયા પછી બચવું અશક્ય બની જાય છે. વાસ્તવમાં, આ ભયંકર પ્રાણીના મોઢામાં દાંત છે, પરંતુ તેમની રચના એવી છે કે તેઓ શિકારને પકડી શકે છે પરંતુ ચાવીને ખાઈ શકતા નથી. આ જ કારણ છે કે શિકારને દબાવ્યા પછી, તેઓ સીધા મોંમાં ગળી જાય છે. તમને એ જાણીને પણ નવાઈ લાગશે કે મગરના ચાર પેટ હોય છે, જ્યાંથી તેઓ શિકારને તોડી મરોળીને પહોંચાડે છે. મગરના પેટમાં અન્ય પ્રાણીઓ કરતાં વધુ ગેસ્ટ્રિક એસિડ હોય છે, જે ખોરાકનું પાચન કરે છે. મિયામી સાયન્સ મ્યુઝિયમના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, શાહમૃગની જેમ મગર પણ નાના કાંકરા ખાય છે, જેથી તે પેટમાં ખોરાકને પીસી શકે. નિષ્ણાતો જણાવે છે કે જો કોઈ મગર મોટો શિકાર કરે છે તો તેને આગામી થોડા દિવસો સુધી કંઈપણ ખાવાની જરૂર નથી કારણ કે આ ખોરાક તેના પેટમાં ૧૦ દિવસ સુધી ધીમે ધીમે પચી જાય છે અને તે શાંત રહે છે. માદા મગર એક સમયે ૧૨-૪૮ ઈંડાં મૂકે છે, જેને બહાર આવતાં ૫૫-૧૦૦ દિવસ લાગે છે. તેઓ જન્મતાની સાથે જ ૭-૧૦ ઈંચ લાંબા હોય છે પરંતુ તેમને મોટા થવામાં ૪-૧૫ વર્ષ લાગે છે. તેમનું જીવન તેમની જાતિઓ પર આધારિત છે. કેટલાક ૪૦ અને કેટલાક ૮૦ વર્ષ સુધી જીવી શકે છે.

## ચીનના આ વિચિત્ર નિર્ણયની દુનિયામાં થઈ રહી છે ચર્ચા

# ગમે તે કરી વધુ બાળકો પેદા કરવા ચીને સિંગલ વુમનને આગળ ધરી

### વસ્તી વધારવા ચીનનો વિચિત્ર નિર્ણય!

બેઈજિંગ, તા.૩૦

ચીનમાં એકલી મહિલાઓને સંતાન પ્રાપ્તિનો અધિકાર મળ્યો છે. આ સિસ્ટમ સિચુઆન પ્રાંતમાં લાગુ કરવામાં આવી છે. આ રીતે અપરિણીત મહિલાઓને બાળકો પેદા કરવાની છૂટ આપવામાં આવી છે.હવે ચીની સરકાર તેને આખા દેશમાં કાનૂની માન્યતા આપવાની તૈયારી કરી રહી છે.ચીન સિંગલ વુમનને ivf એક્સેસ આપવાની યોજના અમલમાં મુકવાની તૈયારી કરી રહ્યું છે. જેથી એકલી રહેતી મહિલાઓ, પરિણીત કે અપરિણીત મહિલાઓ પોતાની મરજીથી બાળકોને પેદા કરી શકશે. જેના માટે સરકાર દ્વારા પણ તેમને વિશેષ લાભો આપવામાં આવશે. વસ્તી વધારવા હવે ચીને આવાં વિચિત્ર પેતરો અજમાવ્યો છે.

ચીન તેના દેશની ઘટતી વસ્તીને લઈને કેટલું ચિંતિત છે, તેનો હોલમાર્ક શી જિનપિંગ સરકારના આદેશથી આવ્યો છે, જેમાં બાળકોને જન્મ આપવા માટે, તમામ પ્રકારની મહિલાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. ડિસ્કાઉન્ટ છે. આપવામાં આવેલ છે. બેફિજિંગથી દેશનું સંચાલન કરી રહેલા શી જિનપિંગ દ્વારા સિચુઆન પ્રાંત માટે લેવામાં આવેલ નિર્ણય અને દેશના બાકીના ભાગોમાં અલગ-અલગ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે, જે હવે સમગ્ર દેશમાં એકસાથે લાગુ કરી શકાય છે.

ચીનમાં અત્યાર સુધી માત્ર પરિણીત યુગલોને જ પગારદાર રજા અને બાળ સબસિડી મેળવવાનો અધિકાર હતો. પરંતુ હવે સરકારે સિંગલ મહિલાઓ માટે નવી સ્કીમ જાહેર કરી છે. 'ધ ઈન્ડિપેન્ડન્ટ'ના અહેવાલ મુજબ, ચીનની સરકારે ફેબ્રુઆરીમાં સિચુઆન પ્રાંતમાં અપરિણીત મહિલાઓના બાળકો પેદા કરવા માટે નોંધણી કરવાના નિયમને કાયદેસર બનાવ્યો હતો. આનો સીધો અર્થ એ છે કે હવે અપરિણીત ચીની મહિલાઓ ગર્ભવતી થયા પછી પેઇડ લીવ અને ચાઈલ્ડ સબસિડી મેળવી શકશે. કેટલીક મહિલાઓ નવી યોજનાને લઈને ખૂબ જ ઉત્સાહિત છે અને કેટલીક મહિલાઓએ પોતાનું રજીસ્ટ્રેશન પણ કરાવ્યું છે.

ચીનની વસ્તી ઝડપથી ઘટી રહી છે જ્યારે વૃદ્ધોની વસ્તી વધી છે. આવી સ્થિતિમાં, ચીનની સરકાર તેના કાર્યબળમાં ઘટાડો થવાની સંભાવનાને દૂર કરવા માટે ઝડપી નિર્ણયો લઈ રહી છે. ગયા મહિને ચીનના સરકારી કૌશલ્ય કેન્દ્રોમાં ભણતા અને ભણાવનારાઓને એક સમાહની વિશેષ રજા આપવામાં આવી હતી

જેથી તેઓ પ્રકૃતિની ગોદમાં તેમના જીવનસાથીને શોધી શકે. આવા કેટલાક વધુ નિર્ણયો લેવામાં આવ્યા છે જેથી કરીને લોકોને બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. પરંતુ લાખો યુવાન ચાઈનીઝ લગ્ન અને બાળકોના ઉછેરના ખર્ચને કારણે બાળકો પેદા કરવાથી ડરતા હોય છે.

ચીની મીડિયાના એક અહેવાલ મુજબ, દેશમાં હાલમાં ૫૩૯ ખાનગી અને સરકારી IVF ક્લિનિકસ છે. શી જિનપિંગનું વહીવટીતંત્ર આગામી બે વર્ષમાં એટલે કે ૨૦૨૫ સુધીમાં દર ૨૫ લાખ લોકો માટે એક IVF ક્લિનિક ખોલવા માંગે છે. આ સાથે ચીનમાં IVF માર્કેટ ૨૦૨૫ સુધીમાં ૮૫ અબજ યુઆન સુધી પહોંચવાની આશા છે. શી જિનપિંગ સરકારના આ નિર્ણય પર લોકોની મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે.

# હવે નજીક છે જળસંકટ

જમ્મુ અને કાશ્મીરના હિસાચાર અને અરાજકતાને કારણે દુરિઝમની મોટી આવક ઢાળતા ઢાળે હિમાચલ પ્રદેશને પ્રાપ્ત થવા લાગી છે. નવી સરકારને હજુ ચારેક મહિના જ થયા છે. છતાં તેમણે રૂપિયા એક હજાર કરોડ રાતોરાત જળસંકટ નિવારવા માટે ફાળવ્યા તો પણ લાખો પ્રવાસીઓએ હિમાચલ પ્રદેશ છોડવું પડે એ સ્થિતિ આ ઢળતા શિયાળે દેખાય છે. જ્યાં બહારના પ્રવાસીઓનો ધસારો નથી. એવા બુંદેલખંડ જેવા અનેક પ્રદેશો દેશમાં આજે પણ એવા છે જેને માટે સરકારે કરોડો રૂપિયાના ફંડ ફાળવવાના બાકી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત સાથે હવે હિમાચલ પ્રદેશ પણ પીવાના પાણીની કટોકટી ભોગવવા લાગતા ઉત્તર અને મધ્ય ભારતના બદલાયેલા હવામાનનો નવો સંકટકાળ જાહેર થવા લાગ્યો છે. પાણીની સમસ્યાને માત્ર વરસાદ સાથે જોડીને અન્ય અનેક પાસાઓની ઊપેક્ષા થઈ રહી છે. વાસ્તવમાં દેશમાં ભૂગર્ભજળનું સ્તર ઝડપથી ઊંડે જવા લાગ્યું છે. કારણ કે કુલ વરસાદી જળ, તેમાંથી થતો સંગ્રહ અને એના વ્યવસ્થાપનની તુલનામાં કુલ વપરાશી જળનું પ્રમાણ બહુ મોટું છે. એની સામે ગયા ઉનાળામાં તો નર્મદા સહિતના દેશના સંખ્યાબંધ જળાશયોના તળિયા દેખાવા લાગ્યા હતા. વપરાશી જળની માત્રા અધિક હોવાને કારણે ભૂગર્ભજળનું દોહન વધી ગયું છે. રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને ગુજરાતમાં જળસ્તર ૪૦ મીટરથી વધુ ઊંડે સરી ગયું છે. મધ્ય, દક્ષિણ ગુજરાતમાં પાણીનું સ્તર હજુ ઉપર છે જે પણ આવનારા નજીકના વરસોમાં ઊંડે જશે. બુંદેલખંડમાં સતત દુષ્કાળની પરંપરા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાણી માટે ત્રણ કન્ટ્રોલરૂમની રચના કરી છે. એ કેવી આશ્ચર્યની વાત છે માત્ર બુંદેલખંડમાં જ પાણી પહોંચાડવા માટે ઉત્તર પ્રદેશ સરકારે કુલ ૫૬૪ યોજનાઓ અમલી બનાવી છે તોય પાણીની બૂમાબૂમ યથાવત જળવાય છે. વિશ્વના દેશોમાં કુદરતી સંસાધનોની સાર્વત્રિક ઘટ વર્તાવા લાગી છે. પીવાના તરોતાજા પાણીની અછત એમાં ટોચના ક્રમે છે. દુનિયાના તમામ મહાનગરોમાં પ્રદૂષણને કારણે અને અછતથી પીવાના પાણીની તંગી વર્તાઈ રહી છે. શહેરો ગીચ થતા જાય છે. રોજગારી અને ઔદ્યોગિક મંદીને કારણે શહેરો હવે વિરાટ ગામડાંઓ બની ગયા છે, કારણ કે સરકાર જેટલી સગવડ વધારીને શહેરનું નવીનીકરણ કરે છે એનાથી ત્રિગુણિત ઝડપે શહેરી વસ્તી અભિવૃદ્ધ થતી રહે છે.

ગ્લોબલ વૉર્મિંગ સહિતના કારણોથી મોસમ બદલાતી રહે છે. વરસાદ હવે આગાહીઓને અનુસરતો નથી. કારણ કે વીજળીક ગતિએ મોસમમાં પલટા આવવા લાગે છે. વૃક્ષનો પ્રચાર છે, પરંતુ પ્રજામાં વૃક્ષનો વિચાર નથી, હજુ જંગલો કપાતા રહે છે, પૃથ્વી પરથી હરિયાળી ચાદર સંકેલાતી જ જાય છે. છતાં તેમણે રૂપિયા એક હજાર કરોડ રાતોરાત જળસંકટ નિવારવા માટે ફાળવ્યા તો પણ લાખો પ્રવાસીઓએ હિમાચલ પ્રદેશ છોડવું પડે એ સ્થિતિ આ ઢળતા શિયાળે દેખાય છે. જ્યાં બહારના પ્રવાસીઓનો ધસારો નથી. એવા બુંદેલખંડ જેવા અનેક પ્રદેશો દેશમાં આજે પણ એવા છે જેને માટે સરકારે કરોડો રૂપિયાના ફંડ ફાળવવાના બાકી છે.

# ઈલેક્ટ્રિકમાં ટ્રાન્સફોર્મર શું છે?

*ઈલેક્ટ્રિક વડે ચાલતાં વિવિધ સાધનોમાં જુદી જુદી માત્રાનો વીજપ્રવાહ વપરાય છે. આપણે ઘરમાં કે ઓફિસમાં આવતો વીજપ્રવાહ અતિશય શક્તિશાળી હોય છે. ટી.વી. ફ્રિઝ, ઈસ્ત્રી, માઈક્રોવેવ વિગેરેને વિવિધ માત્રનો પ્રવાહ જોઈએ. વળી પાવર હાઉસમાં ઉત્પતિ થતી વીજળીને જુદા જુદા વિસ્તારોમાં અનુકુળ યાત્રા કરીને મોકલવી પડે આ માટે ટ્રાન્સફોર્મર ઉપયોગી થાય છે. ટ્રાન્સફોર્મર એટલે રૂપાંતરિત કરતું સાધન. ટ્રાન્સફોર્મર વિના આપણે વીજળીનો ઉપયોગ કરી શકીએ નહી. કેટલાક સાધનોમાં ટ્રાન્સફોર્મર હોય છે તે જરૂર પૂરતાં વીજપ્રવાહ મેળવે છે.ટ્રાન્સફોર્મરની શોધ માઈકલ ફેરાડેએ કરી હતી. તારના ગૂંચળામાંથી વીજપ્રવાહ પસાર થાય ત્યારે તેને અવરોધ ઉભો થાય છે. આ અવરોધ કોઈલ કે ગૂંચળામાં રહેલા તારની સંખ્યા અને જાડાઈ ઉપર આધારિત છે.વીજપૂરવઠા માટેની વીજ લાઈનમાં ઘણા સ્થળોએ ટ્રાન્સફોર્મર મૂકેલા જોવા મળે છે. ટ્રાન્સફોર્મર ફેરાડેસ લો ઓફ ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડકશનના નિયમના આધારે કામ કરે છે. ગૂંચળામાં વીજપ્રવાહ વહે ત્યારે તેની આસપાસ બીજું ઇલેક્ટ્રિક ફિલ્ડ રચાય છે. આ ફિલ્ડ બીજા ગૂંચળાના સંપર્કમાં આવે તે ગૂંચળામાં ઓછી માત્રાનો વીજપ્રવાહ પેદા કરે છે. ટ્રાન્સફોર્મરમાં નજીક નજીક રહે તેવી બે કોઈલ હોય છે. ટ્રાન્સફોર્મરમાં સિંગલ ફેઝ, ટુ ફેઝ,થ્રી ફેઝ ઉપરાંત વિવિધ સાધનોમાં ઉપયોગ માટે અનેક પ્રકારના ટ્રાન્સફોર્મર હોય છે. મોબાઈલના ચાર્જરમાં પણ ટ્રાન્સફોર્મર હોય છે. તે પાવર ઓછો કરવા ઉપરાંત પાવરને એસીમાંથી ડીસીમાં પણ ફેરવે છે. ટ્રાન્સફોર્મરનો સૌથી મોટો ઉપયોગ લાઉડ સ્પીકરમાં થાય છે.ઈલેક્ટ્રિક વડે ચાલતાં વિવિધ સાધનોમાં જુદી જુદી માત્રાનો વીજપ્રવાહ વપરાય છે. આપણે ઘરમાં કે ઓફિસમાં આવતો વીજપ્રવાહ અતિશય શક્તિશાળી હોય છે. ટી.વી. ફ્રિઝ, ઈસ્ત્રી, માઈક્રોવેવ વિગેરેને વિવિધ માત્રનો પ્રવાહ જોઈએ. વળી પાવર હાઉસમાં ઉત્પતિ થતી વીજળીને જુદા જુદા વિસ્તારોમાં અનુકુળ યાત્રા કરી.*


|| Shree Ganeshaya Namah||

**NANDINI TEXCOM (INDIA) LIMITED**

**CIN: L65910GJ1994PLC021165**

**Reg. Office: B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat-395002.**

Tel:0261-4004596 Email: nandinitexcom@hotmail.com, website: nandinitex.com

**STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2023**

(Rs. in Lacs)

| PARTICULARS | QUARTER ENDED | | | YEAR ENDED | |
|---|---|---|---|---|---|
| | 31/03/2023 | 31/12/2022 | 31/03/2022 | 31/03/2023 | 31/03/2022 |
| | Audited | Un-Audited | Audited | Audited | Audited |
| **PART I** | | | | | |
| 1. Net Income from Operation | 1,690.91 | 1,850.76 | 949.74 | 7,214.94 | 4,702.99 |
| 2. Expenditure | | | | | |
| a. Consumption of Raw Material | - | - | - | - | - |
| b. Purchase of Stock-in-Trade | 2,158.64 | 1,463.52 | 955.07 | 7,223.54 | 4,414.94 |
| c. Change in Inventories of Finished Goods & Work-in-progress | (483.70) | 333.46 | (113.81) | (301.31) | (195.91) |
| d. Employees Benefits Expenses | 10.31 | 28.55 | 33.21 | 93.14 | 94.41 |
| e. Depreciation | 13.21 | - | 5.72 | 13.21 | 5.72 |
| f. Other Expenses | 438.82 | 154.16 | 51.66 | 138.90 | 129.43 |
| **g. Total Expenditure** | **2,137.28** | **1,979.68** | **931.85** | **7,167.48** | **4,448.59** |
| **3. Profit from Operations before Other Income, Interest &** | **(446.37)** | **(128.92)** | **17.90** | **47.46** | **254.40** |
| 4. Other Income | 12.60 | 0.19 | 2.11 | 12.83 | 2.12 |
| **5. Profit before Interest and Exceptional Items (3+4)** | **(433.77)** | **(128.72)** | **20.00** | **60.29** | **256.51** |
| 6. Financial Cost | 21.01 | 14.70 | 12.23 | 61.41 | 53.35 |
| **7. Profit after Interest but before Exceptional Items (5-6)** | **(454.78)** | **(143.43)** | **7.77** | **(1.12)** | **203.16** |
| 8. Exceptional Item | - | - | - | - | - |
| **9. Profit/(Loss) from Ordinary Activities before Tax (7+8)** | **(454.78)** | **(143.43)** | **7.77** | **(1.12)** | **203.16** |
| 10. Taxation Expenses | | | | - | - |
| a. Current Tax | - | - | - | 1.88 | 57.75 |
| b. Deferred Tax Liability/(Assets) | - | - | - | 0.20 | 1.20 |
| **c. Total Tax Expenses** | **-** | **-** | **-** | **2.08** | **58.95** |
| **11. Net Profit/(Loss) from Ordinary activities after tax (9-** | **(454.78)** | **(143.43)** | **7.77** | **(3.19)** | **144.21** |
| 12. Extraordinary Items | - | - | - | - | - |
| **13. Net Profit/(Loss) for the period (11-12)** | **(454.78)** | **(143.43)** | **7.77** | **(3.19)** | **144.21** |
| 14. Profit/(Loss) for the period from discontinuing operations | | | | | |
| 15. Tax expense of discontinuing operations | | | | | |
| **16. Profit/(Loss) for the period from discontinuing operations (14-15)** | | | | | |
| 17. Other Comprehensive Income | | | | | |
| a. Items that will not be reclassified to profit and loss | | | | | |
| b. Items that will be reclassified to profit and loss | | | | | |
| **TOTAL COMPREHENSIVE INCOME (13+16+17)** | | | | | |
| 18. Paid up Equity Share capital (Face value of Rs. 1/- each per share) | 50.00 | 50.00 | 50.00 | 50.00 | 50.00 |
| 19. Reserve excluding Revaluation Reserver as per previous | | | - | - | - |
| 20. Earning Per Share | | | - | - | - |
| Before Extraordinary Items | | | - | - | - |
| a. Basic & Diluated EPS | (9.10) | (2.87) | 0.16 | (0.06) | 2.88 |
| After Extraordinary Items | | | - | - | - |
| a. Basic & Diluted EPS | (9.10) | (2.87) | 2.91 | (0.06) | 2.88 |

NOTES

1. The above audited results have been reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on 23rd May, 2023
2. The company is not carrying any segment in its buiness activities therefore no segment reporting has been done.
3. Previous Period's/Year's figures have been regrouped /recast wherever necessary to make them comparable with those of the current period.

**FOR, NANDINI TEXCOM (INDIA) LIMITED**

**SD/-**

**ASHOKKUMAR TEKRIWAL**

**Managing Director**

**DIN : 00086179**

Place : Surat

Date : 23rd May, 2023


# વિકાસની રાજનીતિ શું હોય એ દુનિયાને ગુજરાતે દેખાડ્યું

અમદાવાદ,મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ૧લી મે ગુજરાત સ્થાપના દિવસે ગુજરાત સહિત વિશ્વભરના ગુજરાતીઓને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ ગુજરાત ગૌરવ દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે ૧લી મે આપણા ગુજરાતનો ગૌરવવંતો સ્થાપના દિવસ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આપણા વડાપ્રધાન અને વિશ્વનેતા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આપણે અમૃતકાળની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે અમૃતકાળનો આ પહેલો ગુજરાત ગૌરવ દિવસ વિશેષ મહત્વ ધરાવતો ગૌરવ દિવસ છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, ૧ મે ૧૯૬૦ના દિવસે ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું અને ગુજરાતીઓએ પોતાના ખમીર અને ઝમીર ઝળકાવીને 'ડગલું ભર્યું કે ના હટવું'ની કવિ નર્મદની પંક્તિઓ ચરિતાર્થ કરી વિકાસ માર્ગે મક્કમતાથી ડગ માંડ્યા છે. ધરતીકંપનો માર હોય, પૂરનો પ્રકોપ હોય કે કોરોના મહામારી હોય ગુજરાતી બાંધવોએ દરેક આફતનો મક્કમતાથી મૂકાબલો કર્યો છે. એમાંય પાછલા બે દાયકામાં તો આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આપણે વિકાસની નવી પરિભાષા આપી છે. વિકાસ કેવો હોય, વિકાસની રાજનીતિ શું હોય એ ગુજરાતે વડાપ્રધાનના નેતૃત્વમાં વિકાસના રોલમોડેલ રાજ્ય તરીકે દેશ અને દુનિયાને બતાવ્યું હોવાનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતના વિકાસની આ યાત્રા સતત અવિરત આગળ ધપાવવા આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મુકીને જનતા જનાર્દને પ્રચંડ જનાદેશ આપ્યો છે. એ બદલ અમે આપ સૌના આ પ્રેમનો નતમસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ. ગૌરવવંતા સ્થાપના દિવસના અવસરે મુખ્યમંત્રીએ ગુજરાતની જનતાને વિશ્વાસ આપતા કહ્યું કે, જનતા જનાર્દને અમારામાં મુકેલો ભરોસો-વિશ્વાસ અમે એળે નહિ જવા દઈએ અને જે વચનો આપ્યાં છે તે પાળી બતાવીશું, ગુજરાતનું માન-સન્માન વધારીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જીન બનાવવા દરેક ક્ષેત્રે વિકાસની ચરમસીમા પાર કરી પરિશ્રમની પરાકાષ્ટા સર્જી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કંડારેલા વિકાસના એ રાજમાર્ગને વધુ ઉન્નત બનાવવામાં ટીમ ગુજરાત કોઈ કચાશ નહીં રાખે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ગુજરાતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમી ધરાવતો દેશ બન્યો હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું કે, ૨૦૨૭ સુધીમાં ભારતને પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરનું અર્થતંત્ર બનાવવા વડાપ્રધાનએ આહવાન કર્યુ છે. તેમના હરેક આહવાનની જેમ આ આહવાન પણ જન સહયોગ અને જનતા જનાર્દનના આશીર્વાદથી ઝિલી લેવા આપણે સૌ તૈયાર છીએ. દેશના કુલ જી.ડી.પી. માં ગુજરાતનો શેર ૮.૩૬ ટકા છે તેને આવનારા વર્ષોમાં ૧૦ ટકાથી વધુ કરવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ વર્ષે અત્યાર સુધીનું સૌથી મોટું એતિહાસિક ૩ લાખ કરોડનું બજેટ આ સરકારે આપ્યુ હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું કે, શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, પ્રાકૃતિક ખેતી, ગ્રામીણ વિકાસ, યુવા રોજગાર દરેકે દરેક ક્ષેત્રે વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા ગુજરાતમાં આપણે આવનારા વર્ષોમાં ઊભી કરવાના છીએ. ઈઝ ઓફ લીવીંગ હોય કે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ગુજરાતે ડબલ એન્જીન સરકારના બેવડા લાભ સાથે વિકાસની ગતિ ઓર તેજ બનાવી છે એમ તેમણે ઉમેર્યું હતું. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ અન્વયે ૮૦ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ.આ સરકારે પ્રથમ ૧૦૦ દિવસના શાસન સમયકાળમાં જ કરવાની આગવી સિદ્ધિ હાંસલ કરી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન એ ગ્રીન ગ્રોથ માટે જે પ્રતિબદ્ધતા દર્શાવી છે તેમાં પણ ગુજરાતના કચ્છમાં ૪૦ હજાર કરોડના ગ્રીન એમોનિયા પ્રોજેક્ટથી અગ્રેસર રહેવા ગુજરાત સજ્જ છે. ઉદ્યોગ-વેપાર સાથે ટુરિઝમ સેક્ટર પણ ગુજરાત માટે વિશેષ મહત્વ ધરાવે છે. આપણે સ્ટેચ્યુ ઓફ યુનિટિ, સફેદ રણ, વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા, ગીર ફોરેસ્ટ, સોમનાથ-દ્વારકા અને શિવરાજપૂર જેવા આઈકોનિક ટુરિસ્ટ પ્લેસ વિકસાવવા ૮ હજાર કરોડ રૂપિયાની પ્રવાસન વિકાસ સુવિધા આવનારા પાંચ વર્ષમાં ઊભી કરવાના છીએ. ગુજરાત વિકાસના દરેક ક્ષેત્રોમાં અવ્વલ રહે, પ્રથમ ક્રમે રહે તે માટે સંકલ્પબદ્ધ થવા અનુરોધ કરી મુખ્યમંત્રીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીએ ગુજરાતના વિકાસનો મજબૂત પાયો નાંખ્યો અને વિકાસની બૂલંદ ઇમારત થકી ગુજરાત વિશ્વભરમાં ખ્યાતિ પામ્યું છે. તેમણે અમૃતકાળમાં આત્મનિર્ભર અને વિકસીત ભારતના નિર્માણનો નિર્ધાર કર્યો છે. આજના ગુજરાત ગૌરવ દિવસે આપણે સૌ આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાતનો અને ગુજરાતના વિકાસ માટે સમર